

# શ્રી ખોડીયાર વંદના

પરથમ સમરું શારદા, ગૌરીપુત્ર ગણેશ;
વાસ વસો જીભે સદા, હરિહર બ્રહ્મ હંમેશ.
સરસ્વતીને વીનવું, શેષ સનક મુનીજન;
શક્તિને સમરું સદા, ખોડલ ઉગતે દન.
વીજમાં તેજ ભર્યું તમે, મેઘમંડળ જળાધાર;
કર્યા ઓશીંગા આભના, પગ પહોંચ્યા પાતાળ.
સ્તંભ વિના આકાશને, શેષ ધરાનો ભાર;
પોષણ સર્જન પ્રલયનો, ખોડલ તું જ આધાર.
વિશ્વ બધામાં તું વસી રહી, અણું અણુમાં વાસ;
પોતાના ગણી પાળજો, તારા ભક્તોને ખાસ.
સાંભળે અરજ સૌની માડી, કરતી વેળા સહાય;
કરૂટ કાપી, દુઃખ હરતી, વંદુ માં ખોડલ આઈ.



# શ્રી ખોડીયાર સ્તુતિ

ધરી હાથ ત્રિશૂલ, મગર પર દૈવી સવારી;
આદ્યશક્તિ માત ખોડલ, પતિત પાવન તું ઈશ્વરી.
દૈત્ય વિદારી, ભોમ ભાર ઉતારતી દેવી બહુચરી;
આદ્યશક્તિ માત ખોડલ, પતિત પાવન તું ઈશ્વરી.
સંકટો હરવા જગના, તું ધરા પર અવતરી;
આદ્યશક્તિ માત ખોડલ, પતિત પાવન તું ઈશ્વરી.
ગળધરા-માટેલિયા ને તાંતણિયા ધરાવાળી પરમેશ્વરી;
આદ્યશક્તિ માત ખોડલ, પતિત પાવન તું ઈશ્વરી.
દિન-દુઃખીના કષ્ટ હરતી, એવી તું દુઃખતારિણી;
આદ્યશક્તિ માત ખોડલ, પતિત પાવન તું ઈશ્વરી.
જ્ઞાન-ભકિત દેજે સદા, મોહ-માયા ‘ગૌરવ’ ના પરહરી;
આદ્યશક્તિ માત ખોડલ, પતિત પાવન તું ઈશ્વરી.